## (1) કેન-બેતવા આંતરનદી જોડાણ યોજના (River Interlinking) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે ભારતનો પ્રથમ આંતરનદી જોડાણ પ્રોજેક્ટ છે.

(2) આ બન્ને નદીનો ઉદ્દભવ મધ્યપ્રદેશમાં થાય છે.

(3) કેન નદીમાંથી વધારાના પાણીને બેતવા નદીમાં સ્થાનાંતરિત કરવામાં આવશે.

(4) કેન નદી નર્મદાની ઉપનદી છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ કેન–બેતવા આંતરનદી જોડાણ યોજના એ ભારતની પ્રથમ આંતરનદી જોડાણ યોજના છે. (આથી, વિધાન (1) છે.)

⇛ આ યોજના દ્વારા મધ્યપ્રદેશમાં રહેલી કેન નદીનું વધારાનું પાણી ઉત્તરપ્રદેશમાં રહેલ બેતવા નદીમાં સ્થાનાંતરિત કરવામાં આવશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ દ્વારા બુંદેલખંડના સુકા વિસ્તારને સિંચાઈનું પાણી મળી રહેશે.

⇛ આ બન્ને નદીનો ઉદ્દભવ મધ્યપ્રદેશમાં થાય છે તથા બન્ને યમુનાની ઉપનદીઓ છે. (આથી, વિધાન (2) સાચું છે, જ્યારે વિધાન (4) ખોટું છે.)

⇛ કેન નદી પન્ના ટાઈગર રિઝર્વમાંથી પસાર થાય છે.

⇛ બુંદેલખંડ વિસ્તાર મધ્યપ્રદેશ તથા ઉત્તરપ્રદેશ એમ બન્ને રાજ્યમાં ફેલાયેલો છે.

⇛ આ યોજના થકી ઉત્તરપ્રદેશના ઝાંસી, બંદા, લલિતપુર અને મહોબા તથા મધ્યપ્રદેશના વિક્રમગઢ, પન્ના અને છતરપુર જિલ્લાને લાભ મળશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) નીચેનામાંથી કયા સંશોધનો માટે ભારતમાં પેટન્ટ (Patent) નોંધાય શકાતી નથી ?**

(1) આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા કરાયેલ સંશોધન કે જેમાં માનવીય દખલ ન હોય.

(2) કૃષિની કોઈ પદ્ધતિ.

(3) સામાન્ય જૈવિક (બાયોલોજીકલ) પ્રક્રિયા.

(4) પરમાણુ ઊર્જા સાથે સંકળાયેલ સંશોધન.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (3) અને (4)

(C) માત્ર (1) અને (3) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ ભારતમાં નીચેની બાબતો/પ્રક્રિયાઓ/સંશોધનો માટે પેટન્ટ નોંધાય શકાતી નથી.

- કોઈ એવું સંશોધન કે જેનો પ્રાથમિક ઉપયોગ અથવા નિર્ધારિત ઉપયોગ અથવા જેનો વ્યાપહારિક ઉપયોગ જાહેર હુકમ કે નૈતિકતા માટે વિરોધાભાષી હોય અથવા તેના દ્વારા માણસ, પશુ, છોડ કે પર્યાવરણ પ્રત્યે ગંભીર અસર થઈ શકતી હોય.
- માત્ર કોઈ બે પદાર્થના મિશ્ર કરવાથી બનતો, નવો પદાર્થ કે તે પ્રક્રિયા.
- ખેતી અથવા બાગાયતીની કોઈ પદ્ધતિ. (આથી, વિધાન (2) સાચું છે.)
- કોઈપણ મેડિકલ પ્રક્રિયા કે સારવાર કે જેના દ્વારા માનવી કે પશુ રોગ મુક્ત થઈ શકે.
- પરમાણુ ઊર્જા સાથે સંકળાયેલ સંશોધન. (આથી, વિધાન (4) સાચું છે.)
- આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા કરવામાં આવેલું કોઈ સંશોધન કે જેમાં માનવીય દખલ ન હોય. (આથી, વિધાન (1) સાચું છે.)
- સામાન્ય જૈવિક પ્રક્રિયા. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ઉપરોકત સંશોધનો સિવાય પણ અન્ય કેટલાંક સંશોધનો માટે પેટન્ટ કરી શકાતી નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(3) સ્વદેશ (SWADES) પહેલ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તેનું પૂરુંનામ Skilled Workers Arrival Database for Employment Support છે.
(2) આ પહેલ વંદે ભારત મિશન હેઠળ શરૂ કરવામાં આવી છે.
(3) આ પહેલ સંસ્કૃતિ મંત્રાલય, નાણાં મંત્રાલય અને કૌશલ્ય વિકાસ મંત્રાલયની સંયુક્ત પહેલ છે.
(4) આ પહેલનું અમલીકરણ નાણાં મંત્રાલય હેઠળની એક એકિઝક્યુટીવ કમિટી દ્વારા કરવામાં આવશે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં સરકાર દ્વારા સ્વદેશ નામની એક પહેલ લોન્ચ કરવામાં આવી છે.

⇛ અહીં, **SWADES**નું પૂરુંનામ **Skilled Workers Arrival Database for Employment Support** છે. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇛ આ પહેલ વંદે ભારત મિશન હેઠળ હાથ ધરવામાં આવી છે. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇛ આ પહેલનું લક્ષ્ય ભારત પરત ફરતાં નાગરિકોને યોગ્ય રોજગારીની તક પૂરી પાડવાનું છે.

⇛ આ પહેલ **3** મંત્રાલયોની સંયુક્ત પહેલ છે.

- કૌશલ્ય વિકાસ અને ઉદ્યમશીલતા મંત્રાલય
- નાગરિક ઉડ્ડયન મંત્રાલય
- વિદેશ કાર્ય મંત્રાલય

(આથી, વિધાન **(3)** ખોટું છે.)

⇛ **NSDC** દ્વારા આ પહેલનું અમલીકરણ કરવામાં આવશે. **NSDC**નું પૂરુંનામ નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન છે. (આથી, વિધાન **(4)** ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) સેન્ટ્રલ એમ્પ્લોયમેન્ટ ગેરેન્ટી કાઉન્સીલ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેની રચના બંધારણના અનુચ્છેદ 42 હેઠળ કરવામાં આવી છે.
(2) તેની અધ્યક્ષતા નાણાં મંત્રી દ્વારા કરવામાં આવે છે.
(3) તે કેન્દ્ર સરકારને મનરેગા સંબંધિત બાબતોમાં સલાહ આપવા માટે જવાબદાર છે.
(4) તે તેના વાર્ષિક રિપોર્ટ સંસદને સોંપે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ તાજેતરમાં સેન્ટ્રલ એમ્પ્લોયમેન્ટ ગેરેન્ટી કાઉન્સીલની 21મી બેઠક વિડિયો કોન્ફરન્સ દ્વારા યોજવામાં આવી હતી.

⇛ આ કાઉન્સીલની સ્થાપના મનરેગાના સેકશન 10 હેઠળ કરવામાં આવી છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ ગ્રામ્ય વિકાસ મંત્રી દ્વારા આ કાઉન્સીલની અધ્યક્ષતા કરવામાં આવે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ કાઉન્સીલ કેન્દ્ર સરકારને મનરેગા સાથે સંકળાયેલ બાબતોમાં સલાહ આપવા માટે જવાબદાર છે તથા તે મનરેગાનું અમલીકરણ, દેખરેખ અને મૂલ્યાંકન પણ કરે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તે મનરેગાના અમલીકરણ માટેનો વાર્ષિક રિપોર્ટ તૈયાર કરે છે અને આ રિપોર્ટ સંસદને સોંપે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) COVID-19 મેનેજમેન્ટ ઈન્ડેક્ષ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ ઈન્ડેક્ષ માટેના માપદંડોમાં સક્રિય કેસ, રિકવરી કેસ અને મૃત્યુદરનો સમાવેશ થાય છે.

(2) આ ઈન્ડેક્ષ કેન્દ્ર સરકાર દ્વારા તૈયાર કરવામાં આવી છે.

(3) આ ઈન્ડેક્ષમાં રાજસ્થાનનો પ્રથમ ક્રમ આવ્યો છે.

(4) ભારતમાં COVID-19નો ડબલીંગ ટાઈમ 12 દિવસનો છે.

(A) માત્ર (1), (3) અને (4) (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (2) (D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ કેન્દ્ર સરકાર દ્વારા COVID-19 મેનેજમેન્ટ ઈન્ડેક્ષ 10 રાજ્યો માટે તૈયાર કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ ઈન્ડેક્ષમાં 3 માપદંડોને ધ્યાનમાં લેવામાં આવ્યા છે : સક્રિય કેસ, રિકવરી કેસ અને મૃત્યુદર. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ ઈન્ડેક્ષમાં રાજસ્થાનનો પ્રથમ ક્રમ રહયો છે. રાજ્યમાં કેસની સંખ્યા 10,000ની નજીક પહોંચી રહી છે પરંતુ સક્રિય કેસ સતત ઘટી રહયા છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ રાજસ્થાનમાં મૃત્યુદર 2.16% છે જે રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઓછો છે તથા રિકવરીનો દર 67.59% રહયો છે.

⇛ ભારત માટે COVID-19નો ડબલીંગ ટાઈમ 12 દિવસ છે જ્યારે રાજસ્થાન માટે આ સમયગાળો 18 દિવસનો રહ્યો છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT